મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

આજે શહેરમાં નાતાલ પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૪

ખ્રિસ્તી ધર્મમાં ભગવાન ઈશુ ખ્રિસ્તના જન્મદિનના સ્મરણાર્થે નાતાલની ઉજવણી ૨૫ ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે. એવું કહેવાય છે કે સાચા અર્થમાં આ દિવસને નાતાલ તરીકે ઉજવવાનું કારણ એમ પણ માનવામાં આવે છે કે સૂર્ય ઉત્તર ગોળાર્ધમાંથી શિયાળાના સમયે વિષુવવૃત્તથી દૂર જતો હોય તે દિવસથી ઉજવાની શરૂઆત કરવામાં આવી તેના બરબાર નવ માસ બાદ આ તારીખ ૨૫ ડિસેમ્બર આવે છે એટલે કે આ દિવસને નાતાલ તરીકે ઉજવાય છે. રજાઓની મોસમના કેન્દ્રનો દિવસ નાતાલ ૧૨ દિવસ સુધી ચાલે છે. આ ખ્રિસ્તી તહેવાર હોવા છતાં બિનખ્રિસ્તીઓ પણ આ તહેવારની ઉજવણી કરે છે. શહેરના ચર્ચ, શોપિંગ સેન્ટર, નવા સેકટરો અને વિવિધ શાળાઓમાં નાતાનલી ઉજવણીની તૈયારીઓ થઈ ગઈ છે અને આજે નાતાલ નિમિત્તે સાંતાકલોઝ, ક્રિસમસ ટ્રી, સ્ટાર્સ, બલૂન અને મ્યુઝિક સાથે શહેરમાં નાતાલ ઉજવાશે.

નાતાલ નિમિત્તે અમુક શાળામાં મિની વેકેશન આપવામાં આવ્યું છે જેથી બાળકો નાતાલ ઉજવી શકે અને અમુક શાળાઓમાં નાતાલને

દિવસે બાળકોને વિવિધ પ્રવૃત્તિ કરાવી ઉજવણી કરાશે.

નાતાલની ઉજવણી અંતર્ગત ભેટ સોગાદની આપ-લે, સંગીત, ગ્રીટીંગ કાર્ડસ, લાઈટની રોશની, તોરણો, ક્રિસમસ ટ્રી, ડેકોરેશન સાંતાકલોઝ સ્ટાર અને ચોકલેટ કેક સાથેનું ક્રિસમસ ટ્રી સાથે શહેરમાં નાતાલ ઉજવાશે. આ એક પરંપરા પણ કહી શકાય જેની ઉજવણી બહારના દેશોમાં પણ આ જ રીતે થાય છે.

શહેરમાં ક્રિસમસ નિમિત્તે દરેક ચર્ચમાં રોશની કરવામાં આવી છે. ક્રિસમસ ટ્રી, સ્ટાર, સાંતા સાથે શહેરના ચર્ચ શોભી રહ્યા છે. અમુક શાળાઓમાં ક્રિસમસ નિમિત્તે વિધિ સ્પર્ધાઓ યોજાઈ હતી અને પ્રિ-ક્રિસમસની ઉજવણી બાળકોએ ચોકલેટ અને કેક ખાઈને કરી હતી. શહેરના વિવિધ ઘરોમાં નાતાલ નિમિત્તે સ્ટાર અને લાઈટ જોવા મળી રહ્યા છે. ત્યારે નવા સેકટરોના રેસ્ટોરન્ટ અને કેફે પણ સજાવટભર્યા જણાઈ રહ્યા છે. આજે અમુક કેફે અને રેસ્ટોરન્ટની બહાર સાંતાકલોઝ ઉભા રહીને બાળકોને મજા કરાવશે. બાળકો સાંતા સાથે ફોટા પડાવશે. સાંતાકલોઝ દરેક બાળકોને જીંગલબેલ જીંગલબેલ કહીને ચોકલેટ પણ આપશે. આમ શહેરમાં નાતાલની ઉત્સાહભેર ઉજવણી થશે.

વાવોલ તત્વ બંગ્લોઝમાં ૩ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી ગણતરીની મિનીટોમાં લાખો રૂપીયાની મત્તા ચોરી ફરાર થઈ જાય છે. ત્યારે ગાંધીનગર નજીક આવેલા ન્યું વાવોલ સ્થિત તત્વ બંગ્લોઝમાં ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. તત્વ બંગ્લોઝમાં મકાન નં.૮ માં રહેતા અને નિવૃત જીવન ગુજારતા દંપતિ પોતાના એડીશનલ કલેકટર પુત્રને મળવા માટે પાટણ ગયા હતા. ત્યારે બંધ મકાનને તસ્કરોએ મુખ્ય દરવાજાનું લોક તોડીને અંદર પ્રવેશેલા તસ્કરોએ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૨.૯૭ લાખની ચોરી કરી પલાયન થયા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વાવોલ બળીયાદેવ મંદિર પાસે આવેલા તત્વ બંગ્લોઝ મકાન નં.૮ ખાતે રમણલાલ જેઠાલાલ પરમાર નિવૃત જીવન ગુજારી રહ્યા છે.જયારે તેમનો સૌથી નાનો દિકરો મુકેશ પરમાર પાટણ ખાતે એડીશનલ કલેકટર તરીકે ફરજ બજાવે છે. ત્યારે ગત તા.૧૮ ડિસેમ્બરના રોજ સાંજે તેઓ પાટણ ખાતે પુત્રને મળવા માટે ગયા હતા.તે સમયે મંગળવારના રોજ સવારે ૯ વાગે તેમના પાડોશીનો ફોન આવ્યો હતો કે અને જેમણે ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું અને તાળુ તુટેલુ હોવાનું કહ્યું હતું.જેને પગલે તેઓ તાત્કાલીક ગાંધીનગર ખાતે દોડી આવ્યા હતા અને ઘરમાં તપાસ કરતા ઘરના મુખ્ય દરવાજાનું ઈન્ટર લોક તુટેલુ હતું. ઘરમાં પ્રથમ માળે બેડરૂમની અંદર રહેલા લાકડાના કબાટ તોડી નાખેલુ હતું. રૂમમા સામાન વેર-વિખેર કરીને ઘરમાં રહેલા રૂ.૭૫ હજાર રોકડા અને રૂ.૨,૨૨,૧૦૦ ના સોના ચાંદીના દાગીનાની ચોરી થવા પામી હતી.બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે મકાન માલિક રમણલાલ પરમારે ફરીયાદ નોંધાવતા પોલીસે ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ગજ્જર સુથાર સમાજ સમુહ લગ્નના આયોજન અંગે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૧૩મો સમુહ લગ્નોત્સવ તા. ૯ ફેબ્રુઆરીના રોજ જલારામ મંદિર સે-૨૯ ખાતે યોજાશે. જેની આયોજન અંગેની મિટીંગ તથા રાજ્ય સ્તરીય બેઠક વડોદરા ખાતે ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં યુગલોને ચીજવસ્તુ અને સોગાદોની નોંધણી કરવામાં આવી હતી. આ બેઠકમાં જયશ્રીબેન ગજ્જર, મિનાક્ષીબેન મિસ્ત્રી, રચનાબેન, જાગૃતિબેન, ઉર્મિલાબેન, વસુબેન, પદમાબેન, નિકિતાબેન, જયોતિબેન સહિત મહિલા પાંખની બહેનો સાથે રાજયભરમાંથી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન સંજયભાઈ ગજ્જર તથા જાગૃતિબેન મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

સે-૨-સી સ્થિત ચાણક્ય પ્રિ-સ્કુલના બાળકોએ ક્રિસમસની ઉજવણી કરી

ગાંધીનગર શહેરના સેકટર-૨ સી સ્થિત ચાણક્ય પ્રિ-સ્કુલના નાના ભુલકાઓએ ક્રિસમસની ઉજવણી કરી હતી.નાના બાળકોએ સેકટર-૨૩ ખાતે આવેલ મેથોડિસ્ટ ચર્ચ ની મુલાકાત કરીને પ્રાર્થના કરી આશિર્વાદ મેળવ્યા હતા. ત્યારે આ પ્રસંગે ચર્ચના પાસ્ટર દ્વારા ભુલકાઓને ક્રિસમસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જયારે ચર્ચનું સુંદર કલાત્કમ ડેકોરેશન જોઈને બાળકો આનંદિત થઈ ગયા હતા.

મધુર ડેરીના ચેરમેન કર્મચારીઓ સહિત પશુપાલકો સીએએ બિલના સમર્થનમાં જોડાયા

'દેશની એકતા જળવાય, એજ અમારી દાનત, નહીં થવા દઉં દેશના ટુકડા, અખંડ રહે મારું ભારત' આ શબ્દોનો જોશભર્યો ઉચ્ચાર કર્યો હતો મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ જયારે તેઓ આજે સવારે નાગરિકત્વ સંશોધન અધિનિયમના સમર્થનમાં દેખાવો કરી રહ્યા હતા. આજે સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી નજીકના મેદાનમાં યોજાયેલા સીએએ બિલના સમર્થનમાં યોજાયેલા કાર્યક્રમમાં મધુર ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ તથા ડેરી સાથે સંલગ્ન પશુપાલકોએ આગવી ઓળખ સાથે પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે ડેરીના ચેરમેન ડૉ. રાણાએ બિલના સમર્થનમાં દેખાવ કરવા એકઠા થયેલા તમામ પ્રદર્શનકારીઓને દેશપ્રેમીઓની એકતાની પ્રચંડ તાકાત સમાન ગણાવી અભિનંદન આપ્યા હતા.

નાતાલ પર્વની શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે નાતાલના પાવન પર્વના પ્રસંગે સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવનાર આ પવિત્ર પર્વે ઈશુ ખ્રિસ્તે પ્રબોધેલા પ્રેમ, કરૂણા, માનવતાના સંદેશને આપણે સૌ જીવનમાં આત્મસાત કરીએ અને સમાજ જીવનને સુખી સમૃદ્ધ બનાવીએ.

શહેરના ૧૭૩ નિવૃત્ત વડીલોને સન્માનવાનો અમૃત મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના ૧૭૩ પેન્શનર્સ વડીલો જેઓએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેમનું સન્માન કરવાનો 'અમૃત મહોત્સવ' કાર્યક્રમ ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા રવિવારે સે-૨૩માં કડી કેમ્પસના ખિમજી વિશરામ હોલ ખાતે યોજાઈ ગયો સમારંભના મુખ્ય મહેમાન પદે રાજય સરકારમાંથી મુખ્ય ઈજનેર પદેથી નિવૃત્ત થયેલા હરગોવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેર પેન્શનર્સ દ્વારા દર ડિસેમ્બર માસમાં 'અમૃત મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યોજાયેલા મહોત્સવમાં શહેરના ૭૫ વર્ષ પુરા કરનાર ૧૭૩ વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાહ્યાભાઈ પ્રજાપતિ પ્રમુખપદે ઉપસ્થિત રહ્યા હતા તથા સંસ્થાના ટ્રસ્ટીઓ કે.બી. વ્યાસ, હરેશભાઈ ભટ્ટ, ડાહ્યાભાઈ ગાંધી વગેરેએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં ગાંધીનગરમાં તથા આસપાસના વિસ્તારમાં વસતા અને કેન્દ્ર કે રાજય સરકાર, બોર્ડ નિગમ કોર્પોરેશન વગેરેમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ-અધિકારીનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન હરગોવિંદભાઈએ નિવૃત્ત જીવન કેવી રીતે પસાર કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સમારંભમાં સંસ્થાના કાર્યકારી પ્રમુખ સુર્યકાન્તભાઈ બારોટ, મહામંત્રી રમેશભાઈ દવે, કોષાધ્યક્ષ મનુભાઈ પટેલ અને તમામ સભ્યોની જહેમતથી કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો હતો. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ દવેએ કર્યું હતું.

ગુરુવારે સૂર્યગ્રહણ નિમિત્તે ઝુલેલાલ સાંઈબાબા મંદિરના કપાટ બંધ રહેશે

ગુરુવાર તા. ૨૬ ડિસેમ્બરના રોજ સૂર્યગ્રહણ હોવાથી ઝુલેલાલ સાંઈબાબા મંદિર સે-૩૦ના કપાટ બંધ રહેશે તથા દર્શનનો સમય સવારે ૧૧ વાગ્યે શરુ થશે તેમ ઝુલેલાલ સાંઈબાબા મંદિરના સેકેટરી દ્વારા જણાવાયું છે.

પુન્દ્રાસણ પ્રાથમિક શાળામાં ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન આઈ.બી. વાઘેલા દ્વારા પેપર બ્લોકની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યું હતો. આ પ્રસંગે ગામના ડેલિકેટ ભુપતજી વિષ્ણુજી ઠાકોર, ગામના સરપંચ બળદેવજી જેસંગજી અને પુન્દ્રાસણ ગામના એસ.કે. ઠાકોર સાથે પુન્દ્રાસણના સમગ્ર ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

દબંગ-૩
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫

મર્દાની-૨
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫

પતિ પત્નિ ઔર વો
૨.૪૦, ૭.૩૫

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

દબંગ-૩
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦

પતિ પત્નિ ઔર વો
૧૨.૨૫, ૧૦.૩૦

મર્દાની - ૨
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

સિટી પલ્સ, કુડાસણ

દબંગ-૩
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦

મર્દાની
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

પતિ, પત્નિ ઔર વો
૨.૪૫, ૭.૩૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

દબંગ-૩
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૨.૦૦, ૭.૧૫

મર્દાની-૨ - ૪.૪૫

પતિ પત્નિ ઔર વો
૫.૩૦

આજે ગાંધીનગરમાં

● સંસ્કાર ગ્રુપના બાળકો નાતાલ પર્વની ઉજવણી નિમિત્તે સવારે ૮.૫૦ થી ૧૦ વાગ્યા દરમિયાન સે-૭ બગીચા ખાતે સાંતાકલોઝ બનશે. વૃક્ષોને સુશોભિત કરવામાં આવશે તથા મોં મીઠું કરાશે તથા બાળકો દ્વારા નગરના વૃક્ષ પરથી ખીલાને ઉખાડી ભીની માટી લગાવી ઘા રૂઝાવવામાં આવશે.

ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાયેલ જાણવાજોગ અરજી મુજબ જગદીશભાઈ મુળજીભાઈ લખતરીયા (રહે. થાનગઢ, જી.સુરેન્દ્રનગર)ની દિકરી પરીતા ઉર્ફે ગુડ્ડી જગદીશભાઈ લખતરીયા ગત તા.૧૦-૧૨-૧૯ ના રોજ ૬.૩૦ વાગ્યાના અરસામાં સેકટર-૩૦ સર્વોદયનગર પ્લોટ નં.સી-૭૦ ખાતેથી ગુમ થઈ ગઈ છે. ૨૧ વર્ષિય પરિતા રંગે ઘઉંવર્ણની, આશરે પાંચ ફુટ ઉંચાઈ, લંબગોળ મોઢુ, શરીરે પાતળા બાંધાની છે તે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. તેણીએ શરીરે આછા પીળા રંગનો ડ્રેસ પહેરેલ છે. આ યુવતિ અંગે કોઈ પણ વ્યકિતને માહિતી કે પત્તો મળે તો નજીકના પોલીસ મથકનો અથવા સે-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

ચિરવિદાય

● સ્વ. પ્રભાવતીબેન નવીનચંદ્ર વ્યાસ, ઉ.વ. ૮૫
● સ્વ. લાલજીભાઈ નથુભાઈ સિંઘવ, ઉ.વ. ૭૮
● સ્વ. રેખાબેન મુકેશભાઈ પટેલ, ઉ.વ. ૬૦